જરૂરી

નં.અજાક/મ/3/૨૦૦૬/ ૨૦૨૬૭ થી ૨૦૨૯૭
નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ
૪-૨,ડો.જીવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય,ગાંધીનગર
તારીખઃ ૧૧ / ૧૦/ ૨૦૦૫

પરિપત્ર

**વિષય- અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકોને વકીલાતની તાલીમ સ્ટાઇપેન્ડ તેમજ લોન / સહાય મળવા અંગે**

સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના પત્રક્રમાંકઃ એસ.સી.ડબલ્યુ/૧૦૯૮/ન.બા./૮/ગ, તા.૧૮/૭/૨૦૦૬ અન્વયે જણાવવાનુંકે, અનુસૂચિત જાતિના કાયદાના સ્નાતકો ને તાલીમ સ્ટાઇપેન્ડ તેમજ લોન/ સહાય મળવા અંગે નીચે મુજબની સ્પષ્ટતા મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

કાયદાના સ્નાતકો તાલીમ પણ મેળવી શકે અને સ્વતંત્ર વ્યવસાય પણ કરે તે બંન્ને એક બીજાના પૂરક છે. સ્વતંત્ર વ્યવસાય કર્યા પછી અને સાથે તાલીમ પણ મેળવે તે એક બીજાના પૂરક હોઇ બંન્ને યોજનાઓ ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

ઉપરાંત સ્ટાઇપેન્ડની યોજનાનો લાભ આપતા પહેલાં અરજદારે સનદ મેળવ્યા ને ૨ વર્ષનો સમયગાળો થયેલ છે કે કેમ ? તેની ચોકસાઇ કર્યા બાદજ સ્ટાઇપેન્ડ મજુંર કરવુ અને જે લાભાર્થીઓએ સ્ટાઇપેન્ડ મેળવવાનો ૨ વર્ષનો સમયગાળો પસાર કરી દીધો હોય તેઓને સ્ટાઇપેન્ડનો લાભ મળી શકશે નહી. પરંતુ તેને લોન /સહાય નો જ લાભ મળી શકશે.

**બીડાણઃ** સરકારશ્રીના પત્રની નકલ

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ**

૧. જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી (તમામ) જિ.
૨. જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, (પં) જિ.